જ્યારે એ જાણ થાય છે કે મારું કંઈ નથી
એ પળ પછી તો શાયરીથી સારું કંઈ નથી

અંગત નથી આ વિશ્વમાં કલદાર સમ કશું
ને વિશ્વમાં કલા સમું સહિયારું કંઈ નથી

કેડી ન હો, કે નકશો ન હો, એ તરફ જવા
એક કાવ્યની કડી સમું પરબારું કંઈ નથી

વંટોળમાં હો ઘાસથી બળવાન શું બીજું?
ને વૃક્ષ કરતાં બાપડું નોધારું કંઈ નથી

અજવાસના ગુલામ છે ઝળહળ થતા મહેલ
એક આગિયાને પૂછજો, અંધારું કંઈ નથી

શોધે છે શાંત સ્થળ સહુ આસન લગાવવા
મનથી વધીને વિશ્વમાં કચિયારું કંઈ નથી

તડકો માથે અગર પડ્યો જ ન હો
એના ચહેરે કદીય ઓજ ન હો

એ પશુવત્ દશાય હોઈ શકે
ખોળતા હો તમે, ને ખોજ ન હો!

એ વજન પણ ઉતારીએ ક્યારેક
તનને માથે આ મનનો બોજ ન હો

શ્વાસના ઘૂંટ કેમ ઊતરશે?
જીવવાનો અગર નશો જ ન હો

ઈશ્વરે પાઠવ્યો નહીં ઉત્તર
શક્ય છે પત્ર ત્યાં ગયો જ ન હો!

તપ કરો જેને કાજ વરસોવરસ
દોસ્ત, એ બે ઘડીની મોજ ન હો!

આ સફળતા, આ વ્યર્થ સમૃદ્ધિ
કોઈ દુશ્મનનો કારસો જ ન હો!

છે સરસ જિંદગી ગઝલ વિણ, પણ-
સર[1] મજાનું અને સરોજ[2] ન હો!

*1 સર = સરોવર*
*2 સરોજ = કમળ*

જો, ગબડશે! ટોચ છે ટેકા વગરની!
ક્યાં અટકશે? ખીણ છે તળિયા વગરની!

જિંદગી સમજ્યા, તો ગઈ જીવ્યા વગરની
લોક જીવ્યે જાય છે સમજ્યા વગરની!

દિલ; ઇમારત ધ્રૂજતી ઢાંચા વગરની
એક પળ પણ જાય નહીં થડકા વગરની

અંતે એના નામથી નકશા બન્યા છે
ખેપ જેણે આદરી નકશા વગરની

વાતમાં ને વાતમાં એના વિશેની
બસ, વીતી ગઈ જિંદગી એના વગરની

હોય હોડી તો હલેસાંનીય ચિંતા
આપણે માંડી સફર નૌકા વગરની

ક્યારનો શોધું કે મારું નામ ક્યાં છે?
જિંદગી! તું છે ગઝલ મક્તા વગરની

થયું, જિંદગી આ ખરાબે ચડી છે
પછી જાણ્યું, એ તો સરાણે ચડી છે

ઘણી હસ્તરેખાઓ ખરવા દીધી મેં
ગઝલ એ પછી મારા હાથે ચડી છે

ઉંમર, ગાલે ખંજન બની જે વસી'તી,
કરચલી થઈ એ લલાટે ચડી છે

કોઈ રાખે લક્ષ્મીને ખિસ્સે અદબથી
અને કોઈને તો એ માથે ચડી છે

ન હાંફે તો બીજું કરે જિંદગી શું?
પગથિયાં ઘણાં એકસાથે ચડી છે

તમે જેને સમજી લીધું હાસ્ય મારું–
ખરું કહું? ઉદાસી તમાશે ચડી છે

કાં ફરો ઓળખનો ખોટો ભાર લઈ?
પ્યાર લઈ નીકળો, પ્રવાસી! પ્યાર લઈ!

જે બધા બેઠા અહીં દરબાર લઈ
એ નથી જીવી શક્યા ઘરબાર લઈ

જેમને મંઝિલ ગણી સ્થાપ્યાં હતાં
એ ગયાં, ત્યારે ગયાં પગથાર લઈ

પ્રેમથી એણે વળાવીને કહ્યું,
"નીકળી જા, યાદ બસ બેચાર લઈ!"

ખુશ હતો, હળવો હતો, હસતો હતો
ક્યાં હું બેઠો હાથમાં અખબાર લઈ!

પ્રકૃતિ જ્યાં પાંગરી, ના પાંગરી
માણસો આવી ગયા ઓજાર લઈ

એ પૂછે છે પગનાં છાલાંનો મીનિંગ–
પુત્ર જે રખડે પિતાની કાર લઈ!

જ્યારે ઝાઝા વિચાર આવે છે
ઊંધાચત્તા વિચાર આવે છે

એ વિચારું છું કૈંક વેળા કે
કેવાકેવા વિચાર આવે છે!

ખીણમાં હો કે ટેકરી પર હો
સૌને ઊંચા વિચાર આવે છે

માન્યતાનું કરી શકો નીંદણ
તો જ તાજા વિચાર આવે છે

નોતરું દીધે એ નહીં આવે
હરતાફરતા વિચાર આવે છે

લાગણી વ્યક્ત થઈ ચૂકી હો પછી
થોડા મોડા વિચાર આવે છે

સૌ જુએ છે અમારી હાલત, ને–
અમને સૌના વિચાર આવે છે

જે બીજાનું વિચારતાં જ નથી
અમને એના વિચાર આવે છે

તંતુ ઈશ્વરથી બીજો કોઈ નથી
ક્યારેક ઉમદા વિચાર આવે છે

આધારથી સભાન, સહારાથી સાવધાન
જે પાંગળા કરે એ પનારાથી સાવધાન

મજબૂત જે કરે છે એ મઝધારને સલામ
વહેલો મળી જે જાય, કિનારાથી સાવધાન

સાંભળવો હોય તારે અગર સત્યનો અવાજ
તાળી-તમાશા... ઢોલ-નગારાથી સાવધાન

પોતાનો કોઈ અંશ મૂકી જાય ધારદાર
કાયમને માટે છોડી જનારાથી સાવધાન

હું મારા મનનું નામ નહીં લઉં, છતાં કહું?
રહું છું સદાય એક ઠગારાથી સાવધાન

મારી જ અંધાધૂંધ ઝડપ જોઈજોઈને
બોલાઈ જાય છે કદી મારાથી, 'સાવધાન!'

હા, મારે મન તો સાચો ગઝલકાર એ જ છે
'ઈર્શાદ'થી અલિપ્ત, 'દુબારા'થી સાવધાન

તમે આવી ગયાં, તો રાત અંધારી હવે કેવી!
હવે દીવાનગી છે બસ, સમજદારી હવે કેવી!

ગમી જો જાય તમને તો આ મિલકત પણ તમારી છે
સભા વચ્ચે મૂકી દીધી, ગઝલ મારી હવે કેવી!

રઝળતી લાગશે, તોપણ તમારે રસ્તે રઝળે છે
સલામત છે અમારી જાત, નોંધારી હવે કેવી!

ધરા પણ જોઈ લીધી છે, ગગન પણ જોઈ લીધું છે
જગા આપો ગમે ત્યાં કે તરફદારી હવે કેવી!

કફન પર સાદગી શોભે, કફન કોરું જ રહેવા દો
જીવનભર બહુ કરી, આજે મીનાકારી હવે કેવી!

હા, જળને કલ્પવામાં સમય થઈ ગયો પસાર
મારો તો ઝાંઝવામાં સમય થઈ ગયો પસાર

ખુશબૂને શોધવામાં સમય થઈ ગયો પસાર
મારો વિષમ હવામાં સમય થઈ ગયો પસાર

એનું મિલન થયું કે નહીં, વાત ગૌણ છે
પણ વાટ તાકવામાં સમય થઈ ગયો પસાર

દુનિયાય તોલતી રહી પોતાનાં કાટલે
મારોય ત્રાજવામાં સમય થઈ ગયો પસાર

હું પગ પલાળી બેસું એ નવરાશ ક્યાં મળી!
બસ વ્હેણ વાળવામાં સમય થઈ ગયો પસાર

જગ પાર ઊતર્યું, હજી મારાં સગડ નથી
ઊંડાણ તાગવામાં સમય થઈ ગયો પસાર

અંતે તો હેમ હેમ છે, એ સત્ય શુષ્ક છે...
આ 'રૂપ જૂજવાં'માં સમય થઈ ગયો પસાર

દુઃખની અસર જો રાખીએ, જીવી શકાય નહીં
નીચી નજર જો રાખીએ, જીવી શકાય નહીં

વિશ્વાસ કરીએ ત્યારે ડુબાડે છે માણસો
માણસનો ડર જો રાખીએ, જીવી શકાય નહીં

મુશ્કેલ પથ કરાવે અનુભવ મરણ સમો
સહેલી સફર જો રાખીએ, જીવી શકાય નહીં

ભાટાઈનો સમય છે, સમૂહગાનનો સમય
પોતાનો સ્વર જો રાખીએ, જીવી શકાય નહીં

મદહોશ થઈને મોજ મનાવી શકાય અહીં
ખુદની ખબર જો રાખીએ, જીવી શકાય નહીં

સપનાઓની સમાધિ ઉપર સો વરસ જિવાય
આશા અમર જો રાખીએ, જીવી શકાય નહીં

ન તલવાર કે ના કટારી નડે છે
ભીતર વ્હેરતી બેકરારી નડે છે

નડે દુશ્મની, યારો! યારી નડે છે
ને સૌથી વધુ જાત મારી નડે છે

હશે ટેવ કોઈ નઠારી, નડે છે
ઘણી આદતો અમને સારી નડે છે

ગમે છે અછડતી નજર જેમની બહુ
પડે એ નજર એકધારી, નડે છે

નથી નડતાં રસ્તા કે અડચણ હમેશાં
પ્રથમ ખુદના ઘરની અટારી નડે છે

નડે છે ચરણને વિકસવામાં ખૂબ જ
સુખો પર નિરંતર સવારી નડે છે

મળે પંથ કંટકવિહીન કોઈને જો,
તો એને ફૂલોની પથારી નડે છે

અભણને તો અજ્ઞાન અટકાવી રાખે
ને વિદ્વાનને હોશિયારી નડે છે

અમારા પ્રેમની ભાષા કહો, ક્યાંથી નગર સમજે?
ભરી મહેફિલમાં ચૂપ રહીએ, નજર બોલે, નજર સમજે!

હૃદય તૃપ્તિ નહીં માંગે, તરસને એ અમર સમજે
એ ખાલી જામ પામીનેય મહેફિલને સભર સમજે

મગજ સમજુ! જગતના ફેંસલાને એ અફર સમજે
જિગરને પણ જરા પૂછી જુઓ કે શું જિગર સમજે?

જુઓ હું મારા દિલથી છેક એના દિલ સુધી પહોંચ્યો
સફર તો થઈ, રખે! એને કોઈ ટૂંકી સફર સમજે!

તળેટીમાં રહી મન ઝંખતું'તું ટોચને હરદમ
જઈ ટોચે તળેટીને હવે એ રમ્યતર સમજે

તમે વૈરાગનો કે સ્વર્ગનો રસ્તો બહુ ચીંધ્યો
છે કોઈ પંથ, જે સંસારને સૌથી ઉપર સમજે?

જે રીતે ઘેરાય છે, બંધાય છે વાદળ, ઉપર
શબ્દ ગોરંભાય એમ જ, ઝરમરે કાગળ ઉપર

સૌ કહે છે કે ટકી છે સૃષ્ટિ જેના બળ ઉપર
એ પ્રભુ પણ ખુદ ટકેલો છે અહીં અટકળ ઉપર

રાતે વંચાયું નહીં, દિવસે એ દેખાયું નહીં
નામ તારું કોતર્યું'તું રાતભર ઝાકળ ઉપર

દોરી બંધનની સબળ થઈ તો સરળ ના રહી શકી
મજબૂતીના નામ પર બસ વળ ચડ્યા છે વળ ઉપર

નાવ કાગળની હતી, પણ પાર ઊતરી ગઈ, 'રઈશ'!
પાડ માનો, કે હતી આખી સફર મૃગજળ ઉપર

માહિતી છે બધાને, બધાને ખબર નથી
બંનેમાં ભેદ છે એ ઘણાને ખબર નથી

મનગમતો અંશ વર્ણવી રસપ્રદ બની ગઈ
પાત્રોનું પૂરું દર્દ કથાને ખબર નથી

'નિર્દોષ છું' એ દાવો કરે એમ જાણે કે
કોણે બુઝાવ્યો દીપ, હવાને ખબર નથી

માંગો જો કોઈ માટે તો એ પક્ષપાત છે
છે કોના માટે, સાચી દુઆને ખબર નથી

શું હળ, શું ખેત, પાક શું, ભંડાર શું બજાર?
દાણા સિવાય બીજી ચકાને ખબર નથી

મસ્તક ઢળી પડે છે, 'રઈશ' એ જ વાત પર!
ડાબાનું દર્દ જમણા ખભાને ખબર નથી

ક્યાં કોઈ ભાષાઓ અમને બીજી-ત્રીજી આવડે!
માંડ મુશ્કેલીથી શીખી, ક કા કિ કી આવડે

એને સાંભળવી ગમે રાજા ને પરીઓની કથા
આપણી મર્યાદા એક જ, આપવીતી આવડે

કંઈ નવી શીખવી નથી આગળ ગણતરી, બસ હવે–
આંક જે ભૂલી ગયો છું, એ ફરીથી આવડે

તમને દુનિયા કૈંક શીખવવા સદા તત્પર રહે
શીખવાથી જે બચે, એને ફકીરી આવડે

એની મહેફિલમાં ન કૂજો, ન મદિરા, તોય ભીડ!
બસ જરા કંઈ એમને વાતો નશીલી આવડે

એક મુક્તક ખુદનું અમને યાદ તો રહેતું નથી
ને ગઝલસંગ્રહ 'મરીઝ'નો 'અથ'થી 'ઇતિ' આવડે

મંદિરો માટે તો આરસ જોઈએ
ભક્તિ માટે મન નિખાલસ જોઈએ

કઈ રીતે જગ થાય રોશન, શી ખબર!
ઝૂંપડીને એક ફાનસ જોઈએ

દેહ તો કંતાનથી ઢાંકી શકો
આયનો બોલ્યો કે, અતલસ[1] જોઈએ

એક વૈરાગીને જોયો તો થયું
કંઈ ન કરવામાંય સાહસ જોઈએ

એકરસ થઈને ગઝલ લખતો રહ્યો
એ ખબર નહોતી કે નવ રસ જોઈએ

જેની પાસે કંઈ નથી, માંગે સુવર્ણ
લોહને તો માત્ર પારસ જોઈએ

ધનને માટે એક વંશજ કાફી છે
ભાષા માટે લાખ વારસ જોઈએ

---

*1 અતલસ = એક જાતનું રેશમી કાપડ*

અમે કરવાના, કરવાના ને વારંવાર કરવાના
નથી દરકાર જેને, એમની દરકાર કરવાના

જુઓને! સ્મિતને પણ એ હવે ઓજાર કરવાનાં
કરીને વક્ર આજે હોઠને તલવાર કરવાનાં

છે રસ્તાઓ બહુ આસાન આંખો ચાર કરવાના
કઠિન છે એક કરવા બે હૃદય, પણ યાર! કરવાના!

ગયા દિવસો, સતત આ જાતને પુરવાર કરવાના
હવે બાકીના જીવનને અમે તહેવાર કરવાના

જો ડૂબી નાવ તો શું? અન્યને તૈયાર કરવાના!
અમે શીખી લીધા નુસખા સમંદર પાર કરવાના

ટકી જાવું હતું સંભવ, આ પરપોટાનો ભવ લઈ, પણ–
ઉપાયો શોધવા માંડ્યા અમે વિસ્તાર કરવાના

વિધાતાએ વણીને, વસ્ત્ર ગૂંથીને, દીધું સૌને
ઘણાંને ઓરતા જાગે છે એને તાર કરવાના

ભલે જાગ્યો છે આજે એમને વૈરાગ ભડભડતો
એ જંગલમાં જઈને ત્યાં નવો સંસાર કરવાના

હું દીર્ઘાયુ થવાની પ્રાર્થના કરતાં જ અચકાયો
અભરખા શીદ કરું આ ઘર વધુ બિસ્માર કરવાના

તું જાય છે જ્યાં-જ્યાં, એ દિશા શોભી ઊઠે છે
થોભે તું જરા જ્યાં, એ જગા શોભી ઊઠે છે

મારી છે કમી, ખૂબી રહી જાય છે ઓઝલ
તારો છે કસબ, તારી ખતા શોભી ઊઠે છે

ફૂલો તો ઘણાં બાગમાં સુંદર હતાં, કિંતુ–
વેણીમાં ગૂંથાયાં એ બધાં શોભી ઊઠે છે

બીજે જો કશે રાખું તો ઉત્પાત કરે, પણ–
ગઝલોમાં સમાવું તો વ્યથા શોભી ઊઠે છે

છે ઠીક ભલા, મારી આ ગમગીન કહાણી
બહેલાવી કહું તો એ કથા શોભી ઊઠે છે

સર્જક થકી સર્જનમાં શું ઠલવાયું, ન પૂછો
કૃશ થાય કલાકાર, કલા શોભી ઊઠે છે